**–:: <u>આંક – ૧ હેઠળ હુકમ</u> ::–**

**૧.** આ કામના ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** ના શીક્ષાને પાત્ર ગુનો કરેલ છે જે અંગે તપાસ કરી તપાસ કરનાર અમલદારે ગુના અંગે નું ચાર્જશીટ રજુ કરેલ છે.

**૨.**આરોપી કોર્ટમાં હાજર થયેલ છે. આરોપીને બી.એન.એસ.એસ.ની જોગવાઈઓ મુજબ જરુરી કાગળો ની નકલો વીના મુલ્યે આપી તેમની સામેનો આક્ષેપીત ગુનો વાંચી સંભળાવી સમજાવી તેની સામે તહોમત નામું ફરમાવી પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુનાનો સ્વૈચ્છીક સ્વીકાર કરેલ છે.

**૩.** આરોપીએ ગુના અંગેની કબુલાત પુરસીસ રજુ કરેલ છે તે વાંચી સંભળાવતા તેઓએ સમજણપુર્વક ગુનાની કબુલાત કરેલ છે. આરોપી એ તેની રજુઆત કરતા જણાવેલ છે કે, તેઓનો પ્રથમ વખતનો ગુનો છે. હવે પછી આવો ગુનો ફરી વખત નહિ કરવાની ખાત્રી આપેલ છે. આરોપીને તેના ગુના બદલ વધુમાં વધુ કેટલી સજા થઈ શકે છે તે અંગેની સમજણ આપવા છતા તેઓ પોતાની કબુલાતને વળગી રહેતા હોઈ, આરોપીની આ કબુલાત સ્વૈચ્છીક નહિ હોવાનું માનવાને કોઈ કારણ રહેતુ નથી.

**૪.** કેસની હકીકતો, આરોપીના આર્થીક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત તેમજ **ના.ગુજરાત હાઈકોર્ટના ગુજરાત રાજય વિરૃઘ્ઘ નટવર હરજીચંદજી જી.એલ.આર. ૨૦૦૫(૧) પાના નં.૭૦૯**ના ચુકાદામાં આપેલ સમજુતી મુજબ આરોપી ને કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૬૪ અન્વયે **પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી)** અન્વયે ગુના સબબ દોષી ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપીયા એક સો પુરા)નો દંડ કરવામાં આવે છે અને દંડ ના ભરે તો દિન–૩ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૦૮મી, માર્ચ, સને ૨૦૨૫ ના રોજ સ્પેશયલ મેજીસ્ટેરીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮/૦૩/૨૦૨૫
વડોદરા.

(દીપેશ મિત્તલ)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,વડોદરા.